सुस्नेह सेवा नवजीवनाय

ST FRANCIS PARISH YOUTH
Gamdi-Anand

કેથલિક ચર્ચ
ગામડી - આણંદ, ગુજરાત - ૩૮૮ ૦૦૧.
CATHOLIC CHURCH
GAMDI, ANAND – 388 001.
GUJARAT, INDIA (PHONE: 251707)

# (S .F .P .Y .) સેંટ ફ્રાન્સિસ પેરીશ યુથનાં બંધારણ અને નિયમો

1) સેંટ ફ્રાન્સિસ પેરીશ યુથનાં સભ્યપદ માટે ફોર્મ ભરવું જરૂરી છે. સભ્યપદ ૧૬ થી ૩૦ વયની મર્યાદામાં આવતાં અપરણિત યુવક–યુવતીઓ પૂરતું સીમિત છે . આવેદનને માન્ય / અમાન્ય રાખવાનો સંપૂર્ણ અધિકાર સેંટ ફ્રાન્સિસ પેરીશ યુથ (ચેર પર્સન, ડાયરેક્ટર, પ્રેસિડેન્ટ, વાઈસ પ્રેસિડેન્ટ તેમજ કારોબારી સમિતિ) નો રહેશે. એને પડકારી શકાશે નહિ.

2) માન્ય રાખેલ નવા સભ્યની મેમ્બરશીપ ફી ૫૦/– રહેશે. જુના દરેક સભ્યપદની વાર્ષિક (જાન્યુઆરી થી ડિસેમ્બર) મેમ્બરશીપ ફી ૫૦/– રહેશે.

3) સભ્યપદ બે પ્રકારનાં રહેશે.

a . એક્ટીવ સભ્ય: સેંટ ફ્રાન્સિસ પેરીશ યુથની દરેક પ્રવૃત્તિમાં સક્રિય ભૂમિકા ભજવવા અને શક્ય એટલો વધુ સમય આપવા તૈયાર સભ્યો. કોઈ પણ કારણસર પ્રવૃત્તિમાં હાજર ના રહી શકાય એમ હોય તો જે તે સભ્યે પ્રેસિડેન્ટ યા ડાયરેક્ટરને અગાઉથી અચૂક જાણ કરવાની રહેશે.

b . પેસિવ સભ્ય: જેમને માટે સતત સક્રિય ભૂમિકા ભજવવી શક્ય ન હોય તેવા સભ્યો. આવા સભ્યો બને તેટલી પ્રવૃતિઓમાં યથાશક્તિ યોગદાન આપશે તથા તેમણે પ્રેસિડેન્ટ યા ડાયરેક્ટર સાથે સંપર્કમાં રહી જૂથની પ્રવૃતિઓની માહિતી અચૂક રીતે મેળવતા રહેવું પડશે.

4) સેંટ ફ્રાન્સિસ પેરીશ યુથમાં જોડાયા હોય અને ત્યારબાદ લગ્ન થયા હોય અથવા ૩૦ વર્ષથી ઉપરના તમામ અપરણિત યુવક યુવતીઓને **'Well Wisher 's of S.F.P.Y'** ગ્રુપમાં રાખવામાં આવશે.

5) સેંટ ફ્રાન્સિસ પેરીશ યુથનાં તમામ યુવક યુવતીઓએ ચેર પર્સન, ડાયરેક્ટર, પ્રેસિડેન્ટ, વાઈસ પ્રેસિડેન્ટ તેમજ કારોબારી સમિતિ અને સેંટ ફ્રાન્સિસ પેરીશ યુથનાં નીતિનિયમોને આધિન રહી સ્વૈછિક જવાબદારી અને સ્વસુઝબૂઝથી ધર્મવિભાગના હિતમાં કામ કરવાનું રહેશે.

6) સેંટ ફ્રાન્સિસ પેરીશ યુથનાં દરેક સભ્યે વાણી – વર્તનમાં અનુશાસન રાખવું અનિવાર્ય છે. અયોગ્ય ભાષા વાપરનાર સામે સભ્યપદ રદ કરવા સુધીનાં પગલા લેવામાં આવશે .

7) સેંટ ફ્રાન્સિસ પેરીશ યુથનાં નીતિ નિયમો વિરુદ્ધ તથા ધર્મસભા યા ધર્મવિભાગ વિરુદ્ધ કામો કરનાર, કરાવનાર, એ કામોમાં સાથ આપનાર કે આવાં કામો કરવા ઉશ્કેરનાર વ્યક્તિનું સભ્યપદ તાત્કાલિક ધોરણે રદ થશે. અને જરૂર જણાશે ત્યાં અન્ય પગલાં પણ લેવામાં આવશે.

8) S .F .P .Y . ને લગતી કોઈ પણ બાબતમાં વિખવાદ ઊભો થાય યા લાગણી દુભાય તેવા સંજોગોમાં પરસ્પર યા ચેરપર્સન અને યુથ ડાયરેક્ટર સાથે વાત કરી સુલેહ અને ભાઈચારા માટેના પ્રયત્નો કરવા. કડવાશ વધે યા વેર બંધાય એવું વર્તન કરનાર સામે સભ્યપદ રદ કરવા સુધીનાં પગલા લેવાશે.

9) S .F .P .Y . ને પ્રગતિને પંથે આગળ ધપાવવા દરેક સભ્યે દરેક કાર્ય પોતાનું સમજીને કરવું.

FR. GUEDES MELQUIDES SJ
S.F.P.Y. CHAIRPERSON

Fr. Guedes Melquides S. J.
Parish Priest
Catholic Church, Gamdi, Anand.

FR. MOIESON SJ
S.F.P.Y. DIRECTOR